# બનાસ ડેરી હાંસલ કરવા બન્ને પેનલનું એડીચોટીનું જોર

## વાતમ ગામ ખાતે ડેરીના ચેરમેન-મંત્રીઓની બેઠક યોજાઈ

દિયોદર, તા. ૨૮

દિયોદર તાલુકામાંથી કોંગ્રેસ પક્ષના ઉમેદવાર શીવાભાઈ હતા. બેઠક સંબોધતા જણાવેલ કે બનાસકાંઠા જિલ્લામાં બનાસડેરીને બદનામ અને ડોળુ પાણી હોમાવાનું માટે જીત આપી છે. અને આગામી સમય પણ મતદારો સાચુ વોટીંગ કરી મને સત્યની સાથે જીત અપાવશે. આ



અમરાભાઈ ભુરીયાએ મામલતદાર કચેરી ખાતે પોતાની ઉમેદવારી નોંધાવ્યા બાદ વાતમ ગામ ખાતે ચેરમેન-મંત્રીઓની બેઠક યોજાઈ હતી. જેમાં બનાસડેરીના ઉમેદવાર પરથીભાઈ ભટોળ ઉપસ્થિત રહ્યા કામ શંકરભાઈ ચૌધરીએ કર્યું છે. બનાસડેરીમાંથી કૂતરા કાઢવાના લાખો રૂપિયા ચુકવાયા છે. જો આ સત્ય નિકળશે તો હું જાહેર જીવન છોડી દઈશ. મતદારોએ મને ૨૪ વર્ષથી આ બનાસડેરીનું સાશન ચલાવવા પ્રસંગે દિયોદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ રબારી, માલાભાઈ દેસાઈ, પરાગભાઈ પટેલ, ભરતસિંહ વાઘેલા તથા દિયોદર તાલુકામાંથી બહોળી સંખ્યામાં ડેરીના ચેરમેન મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં અંધશ્રદ્ધાના બહાને દિવા ઉપડાવી મત લેવા ઉમેદવારોનો પેતરો : મતદારોમાં રોષ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ, માલપુર અને ભિલોડા સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં આદિવાસી અને બક્ષીપંચની બહુમત ધરાવતા મતદારોને અંધશ્રદ્ધાના બહાને ઉમેદવારો મતદારોને દિવો ઉપાડી તેમની તરફેણમાં મત આપવા નક્કી કરી લેતા હોવાનું તેમજ તમે કોને મત આપશો, ને કંઈ બાજુ છો, જેવા સવાલો કરી દીવો ઉપાડતા મતદારો ખુલ્લા પડી રહ્યા છે. અરવલ્લીના અંતરિયાળ વિસ્તારોમાં ઉમેદવારો ભુવા, મંદિરના પુજારીઓ, સંતોનો ઉપયોગ મત મેળવવા માટે કરી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે આધુનિક જમાનામાં મતદારો જે ઉમેદવાર આવે તેનો દિવો ઉપાડી લે છે પરંતુ મત તો મન માની જગ્યાયે જ આપવા વાળા મતદારો પણ છે.

અરવલ્લી જિલ્લાના આદિવાસી અને બક્ષીપંચ ધરાવતા વિસ્તારોમાં ઉંડાણના કેટલાક ગામડાઓમાં આજેય અંધશ્રદ્ધા ગરકાવ થયેલી છે. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ભૂત આખડીને તંતર-મંતર અને જંતરમાં માનતા અનેક લોકોની નાડ પારખી ગયેલા કેટલાક નેતાઓના ટેકેદારો હવે લોકો જે દેવ દેવતાને માનતા હોય તેના ફોટા સમક્ષ દિવા સળગાવી દીવા ઉપાડવાનું શરૂ કરતા ભારે ચર્ચાઓ થઈ રહી છે. બીજી તરફ અંધશ્રદ્ધામાં માનનારા ખોટો દિવો કેમ ઉપાડવા તેનીય ચિંતામાં આવી ગયા છે. એક તરફ ગુપ્ત મતદાન પદ્ધતિથી મતદાન થાય છે. ત્યારે આવા અંધશ્રધ્ધાનો ડર બતાવી મતદારોને ખુલ્લા પાડી પોતાની તરફ કરવાની મેલી મુરાદોની ભારે ટીકાઓ થવા સાથે હુંસા-તુસી પણ થવા લાગી છે. ચૂંટણીના આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે કેટલાક ઉમેદવારો અને તેમના ટેકેદારો થેલીઓમાં દીવો અને તેનો માલ સમાન તથા ત્રણ ચાર દેવી-દેવતાઓના ફોટા લઈને મતદારોના ઘરે ખાટલા બેઠક યોજી મત વિસ્તારોમાં ફરી રહ્યા છે.

જે મતદાર જે દેવી-દેવતાને માનતો હોય તે ફોટો આગળ દિવો પ્રગટાવી સોગંદવીધી કરાવી દેવાય છે. મતદારે દીવો ઉપાડી લીધો એટલે મત તો પાકો તેવી ગણતરી ઉમેદવારો અને ટેકેદારો ગણતરી માંડી રહ્યાં છે. પરંતુ ઈવીએમમાંથી કેટલા નિકળે છે તે જોવું રહ્યું.

# સાબલવાડમાં ખોટી રીતે જમીન પચાવી પાડતા ૬ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

ઈડર તાલુકાના સાબલવાડ ગામે આવેલ ખરાબાની તથા ખેતીલાયક કેટલીક જમીન ૬ શખ્સોએ ૨૪ વર્ષ અગાઉ પચાવી પાડવા માટે ખોટા દસ્તાવેજોને સાચા તરીકે ઉપયોગ કર્યો હતો. જેથી તે અંગે જમીનના માલિકે ૬ જણા વિરૂદ્ધ શુક્રવારે ઈડર પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબલવાડ ગામના જીતેન્દ્રકુમાર તરસીભાઈ પટેલના પિતાની માલિકીની ગામની સીમમાં આવેલ સર્વે નં. ૮/૨ ની ૧.૯૭.૧૩ તથા ખરાબાની ૦.૨ હે.આર. ચો.મી. જમીન પચાવી પાડવા માટે રણછોડભાઈ પુંજાભાઈ પટેલ, ભીખાભાઈ પુંજાભાઈ પટેલ અને ચીમનભાઈ પુંજાભાઈ પટેલે સાથે મળી તત્કાલીન તલાટી પાસે જઈ પંચાયતના રેકર્ડમાં ચેકચાક કરી રણછોડભાઈ પુંજાભાઈ પટેલનું નામ દાખલ કરાવી દીધું હુતં. ઉપરાંત જીતેન્દ્રભાઈ પટેલના પિતા મૃત્યુ પામેલ હોવા છતાં આ જમીનનો ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી ઈડર કોર્ટમાં આ જમીન પોતાની હોવાનો દાવો કરવા માટે ખોટા દસ્તાવેજો રજુ કર્યા હતા. જેમાં ઈડર તત્કાલીન મામલતદારે પણ શંકાસ્પદ ભુમિકા ભજવી હતી. જેથી જીતેન્દ્રભાઈ પટેલે ૬ જમા વિરૂદ્ધ શુક્રવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દિયોદર તાલુકાના સેસણ નવા ગામે પતિ પત્ની ઉપર હૂમલો, સારવાર અર્થે ખસેડાયા

દિયોદર, તા. ૨૮

દિયોદર તાલુકાના સેસણ નવા ગામેથી પતિ-પત્ની દિયોદર આવી રહ્યા હતા તે સમય રસ્તા ઉપર ચાર શખ્સોએ આ બન્ને જણને રોકી જુની હતો. જેમાં સાણીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતા લોહિ નિકળતા ચાર શખ્સો ફરાર થઈ ગયા હતા. જેમાં ગંભીર રીતે ઈજા પામેલ મહિલાને સારવાર અર્થે દિયોદર રેફરલ



અદાવત રાખી ઢોર માર મારતા બન્ને વ્યક્તિને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર તાલુકાના સેસણ નવા ગામે રહેતા ગૌરમખાન ગુલાબખાન બલોચ તથા તેમની પત્ની સાણીબેન સેસણ દિયોદર તરફ આવી રહ્યા હતા તે સમય રસ્તા વચ્ચે ચાર શખ્સોએ આ બન્નેને રોકી ઝઘડો કર્યો હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે ગૌરમખાન બલોચ દિયોદર પોલીસ મથકે જાતમખાન લાલખાન બલોચ, સુહાલખાન ભીખેલાલ બલોચ, ખેરમહંમદ લાલખાન બલોચ, શફીનાબાઈ લાલખાન બલોચ તમામ રહે. સેસણ તા. દિયોદર વિરૂદ્ધ ગુનો નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈટાવડીની સીમમાં મહિલાનું અપહરણ કરી દુષ્કર્મ કરતા ૬ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

વિજયનગર તાલુકાના ઈટાવડી ગામની સીમમાં ગત તા. ૧૭ નવેમ્બરે રાજેશકુમાર બચુભાઈ ખરાડીએ એક મહિલાનું બાઈક પર અપહરણ કરી તેણીને મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ કરતા ૬ જણા વિરૂદ્ધ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ઈટાવડી ગામની સીમમાંથી પોતાની પત્નિ સાથે બાઈક પર જઈ રહેલા એક મહિલાને રસ્તામાં ઉભી રાખી તેણીને રાજેશ બચુભાઈ ખરાડીએ અપહરણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા બાદ આ મહિલાને તેના ઘરે લઈ ગયો હતો અને દુષ્કર્મ કર્યું હતું. જેમાં બચુભાઈ મનુભાઈ ખરાડી, શાંતાબેન બચુભાઈ ખરાડી, દિલીપભાઈ બચુભાઈ ખરાડી, રેણુકાબેન મનહરજી ડામોર, મનહરજી રૂપાજી ડામોર મદદગારી કરી હતી. તેમજ મનહરજી ડામોર અને રેણુકાબેન ડામોરે ભોગ બનનાર મહિલાને અમદાવાદના સરકારી ક્વાટર્સમાં રાખવા માટે મદદ કરી હતી. જેથી મહિલાના પતિએ ૬ જણા વિરૂદ્ધ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કરણપુરની મહિલાને મારી નાખવાની ધમકી આપતા ૫ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર પાસે આવેલા મુળ કરણપુર ગામના અને હાલ હિંમતનગરમાં રહેતા ચેતનાબેન મણીલાલ પ્રજાપતિને અવારનવાર તેમના પતિ તથા સાસરીયા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપતા આ મહિલાએ શુક્રવારે મહિલા પોલીસ સ્ટેશનમાં ૫ જણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. છેલ્લા ત્રણ વર્ષથી ચેતનાબેન પ્રજાપતિને તેમના પતિ દીપેશકુમાર પ્રજાપતિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો. જેમાં ભાનુબેન પ્રજાપતિ, મણીલાલ પ્રજાપતિ, સીમાબેન પ્રજાપતિ, દીલીપકુમાર પ્રજાપતિ અને દીલીપકુમાર પશાભાઈ પ્રજાપતી દ્વારા અવારનવાર ચેતનાબેનના પતિને કાનભંભેરણી કરવામાં આવતી હતી. જેથી દીપેકશકુમાર પ્રજાપતિએ ચેતનાબેનને બદચલનની છે તેમ કહી મારે તને રાખવી નથી. તેમજ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ધમકી આપવામાં આવતી હતી. જેથી કંટાળીને ચેતનાબેને ૬ જણા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર મહિલા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દિયોદરના કુંવાતા ગામે અતિવૃષ્ટિમાં જમીન ધોવાણ અને પાક નિષ્ફળનું વળતર માટે માંગ

દિયોદર, તા. ૨૮

દિયોદરના કુંવાતા ગામે અતિવૃષ્ટિમાં જમીન ધોવાણ અને પાક નિષ્ફળનું સરકાર તરફથી માત્ર દિયોદરના કુંવાતા ગામે અતિવૃષ્ટિમાં ભારે નુકશાન થવા પામ્યું હતું. જેમાં પાણીના પ્રવાહથી ખેડૂતોની જમીન ઉપર ધોવાણ થઈ મેળવવા મીટ માંડીને બેઠા હતા. ત્યારે સરકાર દ્વારા માત્ર ૨૫ ટકા ખેડૂતોને જ આ સહાય ચુકવાતા અન્ય ખેડૂતો આ સહાયથી વંચિત



૨૫ ટકા જેટલા અસરગ્રસ્તોને સહાય ચૂકવવામાં આવી હતી. આથી અન્ય ખેડૂતોને સહાય ન મળતા મોટા ભાગના ખેડૂતો રોષે ભરાયા છે. અને વળતર મેળવવા માંગ કરી રહ્યા છે. ગયું હતું. પરિણામે ઉભો પાક નિષ્ફળ જતાં ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. જેમાં આ ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થતાં સરકાર તરફથી મળતી સહાય બન્યા છે. અને આ ખેડૂતોએ સહાય મેળવવા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે. પરંતુ આજદિન સુધી સહાય ન મળતા આ ખેડૂતો રોષે ભરાયા છે.

## કણાદર ગામની મહિલાને ત્રાસ આપતા ફરિયાદ

વિજયનગર તાલુકાના કણાદર ગામે રહેતા મગનભાઈ દિતાજી રાવળ તેમના પત્નિ કંચનબેન રાવળને લગ્નના ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન અવારનવાર ચારિત્ર્ય પર શંકા રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપી પરેશાન કરતા હતા. જેથી કંચનબેને પતિ વિરૂદ્ધ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## બનાસ ડેરીમાં 'આપણી પેનલ'નો વિજય નિશ્ચિત : માવજીભાઈ દેસાઈ

બનાસ ડેરીમાં ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવતા પરથીભાઈ ભટોળનું ભ્રષ્ટાચારી શાસન ઉખેડી ફેંકવાની ''આપણી પેનલ'' સ્વચ્છ પ્રતિભા ધરાવતા અને જેને હૈયે ખેડૂતો-પશુપાલકોનું હિત વસ્યુ છે તેવા ઉમેદવારો સાથે મેદાનમાં ઉતરી છે. જેને ચૂંટણી અગાઉ જ મતદારોનું પ્રચંડ જન સમર્થન મળી રહ્યું છે જેથી ''આપણી પેનલ''નો વિજય નિશ્ચિત છે.

# પરથીભાઈ ભટોળના વર્ષો જુના ભ્રષ્ટાચારી શાસનને ઉખાડી ફેંકવા પશુપાલકોની હાકલ

## બનાસ ડેરીની ચૂંટણીમાં સૌથી મોટા મત વિભાગ ડીસામાંથી માવજીભાઈ દેસાઈએ ફોર્મ ભર્યુ

એશિયાની પ્રથમ ક્રમાંકિત ગણાતી બનાસ ડેરીના સંચાલક મંડળની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિને ડેરીના સૌથી મોટા મતદાર વિભાગ ડીસામાંથી યુવા સહકારી આગેવાન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. આપણી પેનલ વતી માવજીભાઈએ ઉમેદવારી ફોર્મ ભર્યા અગાઉ યોજેલી બેઠકમાં જીલ્લાભરના સહકારી આગેવાનો ઉપરાંત ૨ હજારથી વધુ સમર્થકોની ઉપસ્થિતિમાં પરથીભાઈ ભટોળના ભ્રષ્ટાચારી શાસનને ઉખાડી ફેંકવાની એક સુરે હાકલ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, ડીસાના કુલ ૧૭૩ મતદારોમાંથી ૧૫૬ મતદારોએ બેઠકમાં ઉપસ્થિત રહી હાથ ઉંચો કરી માવજીભાઈ દેસાઈને ટેકો જાહેર કર્યો હતો.

ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (બનાસ ડેરી) ના સંચાલક મંડળની ચૂંટણીને લઈ જીલ્લાભરના સહકારી ક્ષેત્રમાં ભારે ગરમાવો પ્રસરી જવા પામ્યો છે. શનિવારે ઉમેદવારી પત્ર ભરવાના આખરી દિને ડેરીના તમામ વિભાગોમાંથી સૌથી મોટા મતદાર વિભાગ ડીસાથી જીલ્લાના યુવા સહકારી આગેવાન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ



દેસાઈએ પાલનપુર ખાતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. ફોર્મ ભરતાં અગાઉ ડીસા-ધાનેરા હાઈવે પર વિશ્વકર્મા કોલ્ડ સ્ટોરેજ ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં જીલ્લાભરના સહકારી આગેવાનો સહિત ૨ હજારથી વધુ સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બનાસ ડેરીમાં વર્ષોથી એક હથ્થુ શાસન ચલાવી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરનાર પરથીભાઈ ભટોળના શાસનને ઉખેડી ફેંકવાની એક સુરે હાકલ કરાઈ હતી. આગેવાનોએ દૂધ ઉત્પાદકો અને પશુ પાલકોના હિત ખાતર ડેરીમાંથી ભ્રષ્ટાચારી શાસન હટાવી પારદર્શી વહીવટ માટે ''આપણી પેનલ'' ના નેજા હેઠળ સ્વચ્છ પ્રતિભા ધરાવતા માવજીભાઈ દેસાઈ સહિતના તમામ બેઠકો પરના ઉમેદવારોને જીતાડવા તન-મન-ધનથી અને સર્વસ્વ રીતે સર્મપિત થઈ કામ કરવાની નેમ સાથે વિજય ટંકાર કર્યો હતો.

ડીસા ખાતે બેઠકમાં નોંધપાત્ર બાબત એ રહી હતી કે ડેરીમાં સૌથી વધુ મત ધરાવતા ડીસા વિભાગના કુલ ૧૭૩ મતદારો પૈકી ૧૫૬ મતદારોએ ઉપસ્થિત રહી હાથ ઉંચો કરી માવજીભાઈને સંપૂર્ણ રીતે ટેકો આપી વિજયી બનાવવાની ખાત્રી આપી હતી. જેથી ડીસા વિભાગમાંથી ઉમેદવારી ફોર્મ ભરતાંની સાથે જ માવજીભાઈ દેસાઈની જીત નિશ્ચિત બની જવા પામી હતી.

# અણિયોરથી મોડાસાને જોડતો રોડ બિસ્માર મરામત કરાવવાની પ્રજાજનોની ઉગ્ર માંગ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામથી મોડાસાને જોડતો ગ્રામ્ય માર્ગ ઠેરઠેર તુટી જઈ બિસ્માર બનતા વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વળી આ માર્ગ પર મરામત કામ પણ ન થતા અણિયોર પંથકના પ્રજાજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જિલ્લાના મોટાભાગના રાજ્ય ધોરીમાર્ગો અને અંતરિયાળ માર્ગની હાલત કફોડી બની છે. જિલ્લાના રાજ્ય ધોરીમાર્ગો પર મરામતના અભાવે ગાબડાઓ પડી જતા અને રોડની કાંકરીઓ અને ડામર ઉખડી જતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. ખેડા અને પંચમહાલ જિલ્લાને સાંકળતો અણિયોરથી



મોડાસા સુધીનો માર્ગ દ્વિમાર્ગીય છે. પરંતુ નવીનીકરણમાં વેઠ વાળવામાં આવી હોવાનું પ્રજા કહી રહી છે. તેથી બે થી ત્રણ વર્ષમાં જ આ માર્ગ ઠેર ઠેર તુટી જઈ ખાડા પડી જતા આ બાબતે રજુઆતો કરવા છતા મરામત કાર્ય પણ હાથ ન ધરાતા રોષ ફેલાયો છે. મોડાસાથી કુકરવાડા સુધીના ત્રણ કિમી માર્ગ પર ૧૨ થી ૧૩ જેટલા બમ્પ છે. કુકરવાડા ગામના ડીપ નજીકથી પ્રાથમિક શાળા સુધીના માર્ગ પર આરસીસી કામમાં પણ વેઠ ઉતારવામાં આવી છે. જેથી જવાબદાર તંત્ર દ્વારા આ માર્ગની તપાસ હાથ ધરી મોડાસાથી અણિયોર સુધીનો આ માર્ગ પર મરામત કામ જલદીથી હાથ ધરાય અને મરામત કામ પણ વ્યવસ્થિત રીતે કરવામાં આવે તેવુ પંથકની જનતા ઈચ્છી રહી છે. માલપુર-અણીયોર પંથકની પ્રજા ગાંધી ચિંધ્યા માર્ગે અહિંસક આંદોલન છોડવાના મુડમાં હોવાનું જાણવા મળેલ છે.

# સહકારી જીન ચાર રસ્તા પાસેથી ૪૫ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨૮

ગુજરાતમાં ચૂંટણીની આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે પોલીસતંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ કરાઈ રહ્યું છે. દરમિયાન શુક્રવારે સાંજે રાજસ્થાનથી અમદાવાદ તરફ એક ટ્રકમાં અંદાજે રૂ. ૪૫ લાખનો ૧૮૮૮૭ બોટલોના જથ્થા સાથે એલસીબીએ બે શખ્સોની અટકાયત કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે ગુજરાતમાં દારૂબંધી હોવાથી તેનો કડક અમલ કરાવવા માટે તથા ચૂંટણી દરમિયાન મતદારોને લલચાવવા માટે દારૂનું વિતરણ ન થાય તે માટે જિલ્લા પોલીસવડા પી.એલ. માલની સુચનાથી પોલીસતંત્ર ચાંપતી નજર રાખીને જિલ્લાના વિવિધ સ્થળે પેટ્રોલીંગ કરી રહી છે. દરમિયાન શુક્રવારે સાંજે હિંમતનગરના સહકારીજીન ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહેલ ટ્રક નં. આર.જે.૩૧.જીએ.૧૯૬૯ને એલસીબીના પી.આઈ. સોમભાઈ પટેલ તથા તેમના સ્ટાફે ઉભી રખાવી હતી. ત્યારબાદ તેમાં તપાસ કરતા વેસ્ટ કાગળ અને પ્લાસ્ટિકની નીચેથી અંદાજે રૂ. ૪૫ લાખનો ૧૮૮૮૭ બોટલો ભરેલ પેટીઓ મળી આવી હતી. જેથી પોલીસે ટ્રક સહીત કુલ ૬૦.૯૮ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

ત્યારબાદ એલસીબી પી.આઈ. સોમભાઈ પટેલે ટ્રકમાં બેસી જતા ગુરૂજનસિંહ ભાગસિંહ સોની (જાટ, રહે. ફજીલ્કા, પંજાબ) તથા પ્રદીપકુમાર મુખરામ પુનીયા (જાટ, રહે. ખારવા, પંજાબ)ની પુછપરછ કરતા આ દારૂનો જથ્થો પાસ પરમીટ વિનાનો હોવાનું તેમણે કબુલ્યુ હતુ. જેથી એલસીબીએ દારૂનો જથ્થો ભરેલ ટ્રક તથા બંને શખ્સોની અટકાયત હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મોકલી આપ્યા હતા. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.